અપીલ અરજી નં.૯૫ તા.૧૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૭–૫–૧૦ ની અરજીથી ખરવાસા રોડ જેએનએનઆરયુના ખુલ્લા પ્લોટની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૫/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૭–૫–૧૦ ની અરજીથી ખરવાસા રોડ જેએનએનઆરયુના ખુલ્લા પ્લોટની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે માહિતી નિયત સમય મર્યાદામાં માહિતી કે કોઈ નિર્ણય ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૬ તા.૧૭–૬–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૦૭૫ તા.૨૫–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, ઉધનાઝોન તરફથી સા.ઈ.ઝોન/લીંબાયતને અરજી તબદીલ અંગેના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૬૦ તા.૧૦–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૧૦૭૧ તા.૨૫–૬–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૭–૫–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૬૦ તા.૧૦–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. નિર્દિષ્ટ સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ નિર્ણય કે માહિતી ન મળવાથી તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં માહિતી સમય મર્યાદામાં આપવામાં આવતી નથી છતાં કોઈ પગલા ભરવામાં આવતા નથી જેથી જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરવાના તથા માહિતી આપવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૭૧ તા.૨૫–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧ ખરવાસારોડ જેએનએનઆરયુના ખુલ્લા પ્લોટની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખરવાસારોડ જેએનએનઆરયુએમ ના ખુલ્લા પ્લોટની બાજુમાં ચાલતા બાંધકામ બાબતે ઝોનના શહેર વિકાસ વિભાગને સ્થળ અંગે સપષ્ટતા થતી ન હોય તેની માહિતી આપી શકાતી નથી. તેવું જણાવેલ છે. (૨) ખરવાસારોડ પર આઈડીયલ પબ્લીક સ્કુલનું કામ ચાલુ છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખરવાસા રોડ ઉપર આઈડીયલ પબ્લીક સ્કુલમાં બાંધકામ અંગે જમીનનો સર્વે નંબરબ્લોક નંબર જણાવવા વિનંતી કે જેથી લોકેશન સ્પષ્ટ થઈ શકે. તેવું જણાવેલ છે. (૩) અયોધ્યાનગરી તથા તેના શોપીંગ ફાટક પાસે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અયોધ્યાનગરી તથા શોપીંગ ફાટક પાસેના બાંધકામ અંગે તેજ જમીનના સર્વે નંબર તથા બ્લોક નંબર જણાવવાનું રહે છે જેથી લોકેશન સ્પષ્ટથઈ શકે. તેવં જણાવેલ છે. (૪) ઓમનગર સોસા. તેમજ તેનું શોપીંગ સેન્ટર આ ચારેય જગ્યાના બાંધકામની કાયદેસરતા પરવાનગી માળ ક્ષેત્રફળ, તથા પરવાનગી ન આપી હોય તો જવાબદાર અધિકારીઓના નામ સાથેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "પ્રત્યુત્તર " મુજબ જ તેવું જણાવેલ છે. (૫) ક્રાંતિધર્મ મહેન્દ્રસિંહ, જસવંતસિંહ આ નામથી એપ્રિલ–૦૯ થી એપ્રલિ–૧૦ સુધીમાં કેટલી અરજીઓ આવી છે અને તેમાં શું શું કાર્યવાહી થઈ છે ન થઈ હોય તો કારણો તથા જવાબદારઅધિકારીઓના નામ સાથે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ક્રાંતિધર્મ મહેન્દ્રસિંહ જશવંતસિંહના નામથી ૨૦૦૯–૧૦ માં અરજી આવ્યા બાબતે ઝોન વિભાગમાં આવતી અરજીઓનો નામજોગ રેકર્ડ બનાવામાં આવતો નથી. આમ છતાં આપ ઈચ્છો તો ઉપલબ્ધ રેકર્ડનું ઈન્સ્પેકશન ઝોન કચેરીના કામકાજના દિવસો દરમ્યાન સાંજે ૪–૦૦ થી ૬ કલાક દરમ્યાન માહિતી મેળવી શકો છો. ઝોન કચેરીએ આવતી અરજીઓ બાબતે જે તે સમયે કાર્યવાહી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજી નિયત સમય મર્યાદામાં કોઈ નિર્ણય કે માહિતી ન આપવાથી કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તા.૨૫–૬–૧૦ થી માહિતી બાબતે હકીકત સ્પષ્ટ કરેલ છે. કે અરજદારે મુદ્દા નં.૧ થી ૪ ની બાધંકામ બાબતે ના સ્થળ માંગેલી માહિતી સંદિગ્ધ હોય ચોકકસ લોકેશન જમીનનો સર્વે નંબર , બ્લોક નંબર અને સ્થળની વિગતો સ્પષ્ટ કર્યે થી માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે. મુદ્દા નં.૫ ની માહિતી નામજોગ રેકર્ડ બનાવવામાં આવેલ નથી આમ છતાં અરજદાર ઈચ્છે તો ઝોન કચેરી ઉપલબ્ધ રેકર્ડનું દફતરી ઈન્સ્પેકશન પૂરું પાડવાનું જણાવેલ છે. જે કાયદા સાથે સુસંગત છે. જે અરજદાર ઈન્સ્પેકશન મેળવી જરૂરી માહિતી કે ઉતારા મેળવી શકે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૫–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૪ બાબતે જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા અનુસાર બાબત હેઠળની મિલ્કતની ચોકકસ સ્થળ સ્થિતિ મિલ્કતને  અલગ ઓળખી શકાય તે રીતની જાહેર માહિતી અધિકારીને પૂરી પાડવા વિકલ્પે જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ બાબત હેઠળના વિસ્તારના શહેરી વિકાસને લાગત દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો સપંર્ક કરી ઓળખી બતાવવા જણાવવામાં આવે છે તેવી માહિતી પૂરી પાડયેથી જાહેર માહિતી અધિકારીએ તેની વિગતો અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫(૨) હેઠળ પૂરી પાડવા સીટી ઈજેનર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૫ અંગે અરજદાર ઈન્સ્પેકશન મેળવી જરૂરી માહિતી ની નકલો કે ઉતારા કરવા સ્વતંત્ર છે. તપાસણી અંગે કલમ–૭(૩) સાથે નિયમ–૫(૨) હેઠળની ફી લાગુ કિસ્સામાં અરજદારે ભરપાઈ કરવાની રહેશે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક પગલા ભરવા અંગેની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),......જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસંહ એ. બ્રહમભટ્ટ,